જન્મદિને વધામણી

ડો. વિજય એમ જોશી
મો. ૯૯૮૨૦ ૪૬૭૦૦

હર્ષરાજસિંહ
રાહુલસિંહ રાણા
મો. ૯૮૨૫૬ ૯૨૩૬૪

શિવરંજની દ્વારા આજે બરખા કે રંગ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૬

શિવરંજની સંસ્થા દ્વારા બરખા કે રંગ નામે ગુજરાતી-હિન્દી ગીતોના કાર્યક્રમનું આયોજન ગુરુવારે ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં સંસ્થાના પ્રમુખ વાગ્મિન બુચ દ્વારા જણાવવામાં આવ્યું છે કે શિવરંજની સંસ્થા દ્વારા પોતાના સભ્યો માટે ગાંધીનગરમાં સંગીતને લગતા વિશિષ્ટ કાર્યક્રમો યોજવામાં આવે છે. સંસ્થાની ઉત્તમ કાર્યક્રમો આપવાની પ્રણાલીને ધ્યાને લઈ અને નવા વર્ષ ૨૦૧૭-૧૮માં બે દિવસના સ્વરોત્સવ બાદ ત્રીજા કાર્યક્રમ રૂપે ૧૭ ઑગષ્ટ ને ગુરુવારના રોજ મુંબઈના ત્રણ યુવા કલાકારોનો વરસાદી ગીતોનો કાર્યક્રમ 'બરખા કે રંગ' રજૂ થઈ રહ્યો છે.

આ કાર્યક્રમના ત્રણેય યુવા કલાકાર આલાપ દેસાઈ, હિમાલી વ્યાસ અને સ્નેહા દેસાઈ મુંબઈથી ગાંધીનગરના ગુણીજનોને એક યાદગાર કાર્યક્રમ આપવા આવી રહ્યા છે ત્યારે આવા સુંદર કાર્યક્રમો માણવા માટે સંસ્થાનું સભ્યપદ જરૂરી છે. તેથી બાકી રહી ગયેલા ગુણીજનો માટે સભ્યપદ મેળવવાની એક તક પ્રાપ્ત થશે અને વર્ષ ૨૦૧૭-૧૮ના સુંદર કાર્યક્રમોનો લાભ પણ તેમને મળી રહેશે, એમ તેમણે આ યાદીમાં વધુમાં જણાવ્યું છે.

બિનતાલીમી શિક્ષકોએ ફરજિયાત તાલીમ લેવી પડશે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યની સ્કૂલોમાં ફરજ બજાવતા બિનતાલીમી શિક્ષકોએ હવે ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધીમાં ફરજિયાત તાલીમ મેળવી લેવાની રહેશે. જો, શિક્ષકો નિયત સમયમાં ડિપ્લોમા ઈન એલિમેન્ટરી એજ્યુકેશન (D.El.Ed)ની ડિગ્રી નહીં મેળવે તો તેમને ત્યારબાદ નોકરીમાંથી બરખાસ્ત કરવામાં આવશે. આ માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર પરિપત્ર બહાર પાડી સૂચના આપવામાં આવી છે અને આ કોર્સ માટે બિનતાલીમી શિક્ષકોએ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જો, નિયત સમયમાં રજિસ્ટ્રેશન પણ નહીં કરાવે તો તેવા શિક્ષકોને નોકરીમાંથી દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ પરિપત્રમાં જણાવાયું છે.

રાજ્ય સહિત દેશમાં આવેલી સ્કૂલોમાં અનેક શિક્ષકો શિક્ષક માટેની યોગ્ય લાયકાત ધરાવતા ન હોવા છતાં ફરજ બજાવતા હોવાની વિગતો પ્રકાશમાં આવ્યા બાદ રાઈટ ટુ એજ્યુકેશન એકટમાં ફેરફાર કરી આવા બિનતાલીમી શિક્ષકો માટે તાલીમ મેળવવી ફરજિયાત કરવામાં આવી હતી. આ માટે બિનતાલીમી શિક્ષકોને પૂરતો સમય આપવામાં આવ્યો છે અને તે સમય મર્યાદા દરમિયાન રાજ્યના તમામ બિનતાલીમી શિક્ષકોએ ફરજિયાત ફ.ઈ.ઈ.ની લાયકાત મેળવવાની રહેશે તેમ જણાવ્યું છે. આ માટે તાજેતરમાં રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પરિપત્ર કરી શિક્ષકોને તાલીમ મેળવવા માટે આદેશ કર્યો છે. હાલમાં ફરજ બજાવી રહેલા બિનતાલીમી શિક્ષકોને તાલીમ મેળવવા માટે ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધીની મુદત અપાઈ છે. શિક્ષકોએ પાસ કરવાનો કોર્સ બે વર્ષનો હોવાથી તેમને ૨૦૧૯ સુધીની મુદત અપાઈ છે. લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો માટે આ અંતિમ તક રહેશે. જો, આવા શિક્ષકો તાલીમ મેળવવામાં નિષ્ફળ જશે તો તેઓને નોકરી ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવશે નહીં અને ૧ એપ્રિલ, ૨૦૧૯ પછી તેમને નોકરીમાંથી બરતરફ કરાશે. હાલમાં જે બિનતાલીમી શિક્ષકો સ્કૂલમાં ફરજ બજાવે છે તેમના માટે કેન્દ્રના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે તેનો અમલ કરવા પરિપત્રમાં જણાવાયું છે. પરિપત્રમાં આપવામાં આવેલી સૂચના પ્રમાણે બિનતાલીમી શિક્ષકોએ ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધીમાં નિયત કરાયેલી લઘુત્તમ લાયકાત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ (NIOS) મારફતે મેળવવાની રહેશે. હાલમાં ફરજ બજાવતા હોય તેવા તમામ બિનતાલીમી શિક્ષકોએ NIOSના ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ મારફત D.El.Edની લાયકાત ફરજિયાત મેળવવાની રહેશે. ખાનગી સ્કૂલોમાં નોકરી કરતા બિનતાલીમી શિક્ષકોએ જે તે શાળામાં પોતે નોકરી કરે છે તે મતલબનું તેમના આચાર્યનું પ્રમાણપત્ર મેળવીને સરકારને રજૂ કરવાનું રહેશે. બિનતાલીમી શિક્ષકો માટેનું રજિસ્ટ્રેશન ૧૬ ઓગસ્ટ, ૨૦૧૭થી શરૂ કરાશે અને ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધી ચાલુ રહેશે. આ રજિસ્ટ્રેશન બિનતાલીમી શિક્ષકોએ આચાર્ય-રાજ્ય કક્ષાના કો-ઓર્ડિનેટર મારફતે ટ્રૅજીના પોર્ટલ પર કરી દેવાના રહેશે. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધીમાં બિનતાલીમી શિક્ષકો રજિસ્ટ્રેશન કરાવવામાં નિષ્ફળ જશે તો તેમને નોકરીમાંથી દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાશે. આમ, હવે બિનતાલીમી શિક્ષકો પર બે તરફથી નોકરી જવાનું જોખમ ઊભું થયું છે. જો, તેઓ નિયત સમયમાં રજિસ્ટ્રેશન નહીં કરાવે તો નોકરી જશે અને રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ડિગ્રી મેળવી નહીં શકે તો પણ તેમની નોકરી જશે.

પીઢ પત્રકાર ભૂવનેશભાઈ ઓઝાને જિલ્લા તંત્રી પરિષદ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના પીઢ પત્રકાર અને લોકસંસાર દૈનિકના તંત્રી ભૂવનેશભાઈ ઓઝાને ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદના હોદ્દેદારો તરફથી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે.

ભૂવનેશભાઈ ઓઝાનું હૃદયરોગના હૂમલાને કારણે અવસાન થયું છે. તેઓ અગાઉ નૂતન સૌરાષ્ટ્ર ઉપરાંત પગદંડી, ચંચળ જેવાં અખબારોમાં પોતાની ફરજ બજાવી ચૂક્યા છે. ગત સોમવારના રોજ તેમની અંતિમ યાત્રા યોજાઈ હતી, જેમાં જિલ્લા તંત્રી પરિષદના હોદ્દેદાર ભરત કવિ, લક્ષ્મણ પટેલ, પાર્થ ઠક્કર, હિમાંશુ ભચેચ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

૨૪થી ૨૬ દરમિયાન મહુવા ખાતે સંસ્કૃતસત્ર

ગાંધીનગર, તા. ૧૬

પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ મહુવામાં સંસ્કૃતસત્રનું આયોજન કરવામાં આવ્યું છે

આ અંગેની વિગતો આપતાં હરિશ્ચન્દ્ર જોષીએ જણાવ્યું છે કે આગામી તા. ૨૪, ૨૫ અને ૨૬ ઑગષ્ટના રોજ ૧૭મું સંસ્કૃતસત્ર મહુવા ખાતે યોજાઈ રહ્યું છે.

તા. ૨૪ ઑગષ્ટના રોજ સવારે ૯.૩૦થી ૧૨.૩૦ દરમિયાન શ્વેતા પ્રજાપતિ દેવી વિમર્શ ભૂમિકા, મયુર ભાટિયા સરસ્વતી અને રાજવી ઓઝા ઉષા અંગે વક્તવ્ય આપશે. આ સંગોષ્ઠિનું સંયોજન ભારતીબેન સોલંકી દ્વારા કરવામાં આવશે.

બીજી સંગોષ્ઠિ સાંજે ૪થી ૭ દરમિયાન યોજાશે, જેમાં હેતલ પંડ્યા રાધા અંગે, દુર્ગા જોશી સીતા અંગે અને ભાવના ચાંપાનેરી પાર્વતી અંગે પોતાના વિચારો રજૂ કરશે. આ સંગોષ્ઠિનું સંયોજન નિશિતા શુક્લ દ્વારા કરવામાં આવશે.

તા. ૨૫ ઑગષ્ટના રોજ સવારે ૯.૩૦થી ૧૨.૩૦ દરમિયાન શ્વેતા જેજુરકર અદિતિ અંગે, કુસુમબા જાડેજા લક્ષ્મી અંગે અને અર્ચના દુબે ગંગા અંગે પોતાના વિચારો અભિવ્યક્ત કરશે. આ સંગોષ્ઠિનું સંયોજન નયના નાયક દ્વારા કરવામાં આવશે. ચોથી સંગોષ્ઠિ સાંજે ૪થી ૭ દરમિયાન યોજાશે, જેમાં મમતા પંડિત ગાયત્રી અંગે, સુરેખા પટેલ તારા અંગે અને પ્રીતિ પંચોલી વાક્‌દેવી અંગે પોતાના વિચારોની અભિવ્યક્તિ કરશે. આ સંગોષ્ઠિનું સંયોજન કરુણા ત્રિવેદી દ્વારા કરવામાં આવશે.

પાંચમી સંગોષ્ઠિ ૨૬ ઑગષ્ટના રોજ સવારે ૯.૩૦થી ૧૦.૩૦ દરમિયાન યોજાઈ રહી છે, જેમાં માધવી ઉપાધ્યાય દુર્ગા અંગે પોતાના વિચારો અભિવ્યક્ત કરશે. આ સંગોષ્ઠિનું સંયોજન વીણા રાજ દ્વારા કરવામાં આવશે. ત્યારબાદ વાચસ્પતિ પુરસ્કાર પ્રદાનવિધિ યોજાશે, જે અંતર્ગત વડોદરાના વેદાન્તશાસ્ત્રના વરિષ્ઠ વિદ્વાન શ્રી રામકીષ્ણ તુલજારામ વ્યાસને વાચસ્પતિ પુરસ્કાર અર્પણ કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ આસ્થા ચૅનલ અને વેબસાઈટ ના માધ્યમથી ૧૭૦ જેટલા દેશોમાં કરવામાં આવશે.

ડેન્ટલમાં પ્રવેશની સમયમર્યાદા હવે ૧૦મી સપ્ટેબર કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૬

મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ પ્રક્રિયાનો પહેલો રાઉન્ડ પુરો થયા બાદ ખાલી પડેલી મેડિકલની ૨૨૬ અને ડેન્ટલની ૬૫૯ બેઠકો માટે હાલમાં બીજો રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે. આગમી તા.૧૯મીએ બીજા રાઉન્ડમાં પ્રવેશની ફાળવણી કરી દેવામાં આવશે. આ દરમિયાન ઓલ ઈન્ડયા કવોટાની ખાલી પડનારી બેઠકો પર તા.૧૭મીએ બીજા રાઉન્ડમાં ભાગ લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓને ચોઈસ માટે આપવામાં આવશે. આ વર્ષે ડેન્ટલમાં પ્રવેશ માટેની સમયમર્યાદા વધારીને ૧૦મી સપ્ટેમ્બર કરવામાં આવી છે.

તા. ૧લી સપ્ટેમ્બરથી ૧૦મી સપ્ટેમ્બર દરમિયાન થનારી હોમિયોપેથી, આયુર્વેદ સહિતની પ્રવેશ પ્રક્રિયામાં ડેન્ટલની બેઠકોને સામેલ કરી દેવામાં આવશે. ઓલ ઈન્ડિાય કવટા માટે બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા તા.૧૬મીએ પુરી થવાની છે. આ રાઉન્ડમાં ખાલી પડનારી બેઠકો તા.૧૭મીએ મેડિકલ-ડેન્ટલમાં વિદ્યાર્થીઓને ચોઈસ માટે આપવામાં આવશે એવા સમાચાર પ્રાપ્ત થયા છે.

આદર્શ નિવાસી શાળાની વિદ્યાર્થીનીઓ શાળાકીય ઍથ્લેટિક્સ સ્પર્ધામાં ઝળકી

ગાંધીનગર, તા. ૧૬

આદર્શ નિવાસી શાળા (અજા) કન્યા, સૅક્ટર-૮ની વિદ્યાર્થીનીઓએ ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા આયોજિત શાળાકીય એથ્લેટિક્સ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને શાળાનું નામ રોશન કર્યું હતું. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ગ્રાઉન્ડ, સૅક્ટર-૧૫ ખાતે આયોજિત એથ્લેટિક્સ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ ઝોન પ્રમાણે આ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. અન્ડર-૧૯ વિભાગમાં ૨૦૦ મીટર દોડમાં ચંદ્રિકા માલાભાઈ પાંચાલે જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જે હવે રાજ્યકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

૮૦૦ મીટર દોડમાં આરતી ભરતભાઈ રાઠોડે દ્વિતિય, ૧૦૦ મીટર દોડમાં મિત્તલ મૂળજીભાઈ પરમારે દ્વિતિય, ગોળાફેંક અને ચક્રફેંકમાં જાહ્નવી ભરતભાઈ રાઠોડે દ્વિતિય, ઊંચીકૂદમાં મીનાક્ષી પાલજીભાઈ વાણિાયએ દ્વિતિય, બરછી ફેંકમાં દિપીકા વજુભાઈ સોલંકીએ દ્વિતિય અને ૧૫૦૦ મીટર દોડમાં કૈલાશ લક્ષ્મણભાઈ મકવાણાએ તૃતિય ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું.

આ તમામ વિદ્યાર્થીનીઓને શાળા પરિવાર વતી આચાર્ય કુસુમબેન ચૌહાણ દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ઍન્જિનીયરિંગમાં પ્રતિષ્ઠિત કૉલેજોની મહત્ત્વની બ્રાન્ચ પૅક

ગાંધીનગર, તા. ૧૬

ડિગ્રી એન્જિનિયરિંગની ખાલી પડેલી બેઠકો માટે ઓફલાઈન કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ કાર્યવાહી દરમિયાન ૬૦૩ ઉમેદવારોને રૂબરૂ પ્રવેશ સમિતિ ખાતે બોલાવાયા હતા. કુલ ૩૨૪૭૧ ખાલી બેઠકો માટે કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ કાર્યવાહી અંતર્ગત મેરિટ નં-૨૫૦૦ સુધીના ઉમેદવારોને રૂબરૂ પ્રવેશ સમિતિ ખાતે બોલાવાયા હતા. સરકારી, અનુદાનિત તથા ખાનગી કોલેજોની ખાલી પડેલી ૩૨૪૭૧ બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એલડી એન્જિનિયરિંગ કોલેજની મિકેનિકલ, આઈટી, કેમિકલ, કમ્પ્યૂટર બ્રાંચ પેક થઈ ગઈ હતી. જ્યારે નિરમા કોલેજની મિકેનિકલ અને કમ્પ્યૂટર બ્રાંચ પેક થઈ હતી. આ ઉપરાંત એમએસયુ બરોડાની ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ અને કમ્પ્યૂટર સાયન્સ એન્ડ એન્જિ. બ્રાંચ, ડીડીયુની કમ્પ્યૂટર બ્રાંચ તથા ડીએઆઈઆઈસીટીમાં ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી તથા ઓનર્સ ઈન આઈસીટી વિથ માઈનોર ઈન કમ્પ્યૂટેશનલ સાયન્સ બ્રાંચ પેક થઈ ગઈ હતી.

લાગણીઓની અભિવ્યક્તિ : ઘણીવાર નવાબની જેમ ગાડી છૂટી જતી હોય છે

ફિલ્મ જગતની બે લબ્ધપ્રતિષ્ઠ ગાયિકાઓ. બંને સગી બહેનો. બંને એકબીજાની કટ્ટર હરીફ. બંને એક જ બિલ્ડીંગમાં રહે અને બંનેના ફ્લેટ વચ્ચે એક જ દીવાલ. બે ફ્લેટ વચ્ચે બંનેનો રિયાઝ કરવાનો ઓરડો એક જ. રિયાઝ કરવાની બંનેની સિતાર પણ એક જ. બંનેના રિયાઝ કરવાના સમય જુદાં જુદાં. એક બહેન રિયાઝ કરતી હોય ત્યારે બીજી બહેન એ ઓરડામાં પ્રવેશ ના કરે. બંને વચ્ચે આ પ્રકારના વ્યવહાર થતાં રહે પણ લાગણીની અભિવ્યક્તિના નામે શૂન્ય. બંને સગી બહેનો હોવા છતાં વર્ષો સુધી આમ ચાલતું રહ્યું. આમ થવાનું કારણ કદાચ બંને વચ્ચેની કટ્ટર હરીફાઈ અને એકબીજાનો અહમ. એવું તો નહીં જ બન્યું હોય કે બંને વચ્ચે ક્યારેય વાતચીતનો વ્યવહાર નહીં થયો હોય, એવું પણ કદાચ નહીં બન્યું હોય કે બન્નેને બહેનોમથી કોઈ ના હૃદયમાં પોતાની સગી બહેન પ્રત્યે હૃદયમથી કોઈ જ પ્રકારની લાગણી કે પ્રેમભાવ નહીં યથ્યો હોય. બંને વચ્ચે વ્યવહારો પણ કદાચ થયા હશે અને એકબીજા પ્રત્યે હૃદયના ગર્ભમાં લાગણીઓનો આવિષ્કાર પણ થયો હશે પણ એ લાગણીઓનો ગર્ભપાત કરી દીધો હશે બંને બહેનોએ.

સંબંધો કોઈ પણ પ્રકારના હોય, સંબંધો એ સંબંધો જ છે જેમાં લાગણીઓની અભિવ્યક્તિ ખાસ જરૂરી છે. પ્રત્યેક વ્યક્તિ એવું ઈચ્છે છે કે પોતાના પ્રત્યે કોઈ લાગણી વ્યક્ત કરે. પોતાના પ્રત્યે કોઈ લાગણી વ્યક્ત કરે તો એ પોતાના પ્રત્યે અભિવ્યક્ત થયેલી લાગણીઓનો પ્રતીભાવ આપવા માટે પણ દરેક વ્યક્તિ હંમેશા આતુર જ હોય છે. લાગણીઓની પરસ્પર અભિવ્યક્તિ વિના સંબંધો બુટ્ટા થઈ જાય છે. સંબંધોમાં જે વ્યક્તિ આપણાં માટે મહત્વની હોય, આપણાં જીવનમાં કઈંક સ્થાન હોય, તેની સમક્ષ જો સમયસર લાગણીઓની અભિવ્યક્તિ ના કરી શકીએ તો એ તક આંખના પલકારાંમાં જતી રહે છે અને પછી ક્યારેક જીંદગીભર પસ્તાવાનો વારો પણ આવી શકે છે. લાગણીઓની સમયસર અભિવ્યક્તિની સાથે સાથે તેનું સાતત્ય જાળવવું પણ એટલું જ જરૂરી છે.

પોતાના હૃદયમાં ઉઠતી લાગણીઓને વ્યક્તિ ક્યાં સુધી, કેટલો સમય અને કેટલી હદ સુધી રોકી શકે કે છુપાવી શકે? લાગણીઓને છુપાવવા માટે જિંદગી ખૂબ જ ટૂંકી પડે છે. જે વ્યક્તિને આપણે પ્રેમ કરીએ છીએ, જે વ્યક્તિને આપણે ચાહીએ છીએ, જે વ્યક્તિ સાથે આપણો જિંદગીભરનો નાતો છે, જે વ્યક્તિની આપણે કાળજી રાખીએ છીએ, એ વ્યક્તિ પ્રત્યેની આપણી લાગણીઓને અભિવ્યક્ત ના કરીએ તો એ પ્રેમ, એ ચાહત, એ નાતો, એ સંબંધ અર્થ વગરના બની જાય છે.

કોઈપણ સંબંધોમાં લાગણીઓને આપણે અવ્યક્ત જ રાખી મૂકીએ તો એ સંબંધોથી આપણે કશું જ મેળવી શકતા નથી. ઊલટાનું ક્યારેક ઘણુબધું ગુમાવી દઈએ છીએ. લાગણીઓને વ્યક્ત કરવાથી જ બે વ્યક્તિ વચ્ચે સંબંધોનો સેતુ બંધાય છે. જે સંબંધોમાં લાગણીઓ ખુલ્લી રીતે, મુક્ત રીતે, ખરા દિલથી વ્યક્ત નથી થતી ત્યાં સંબંધોનો અંત નિશ્ચિત હોય છે. બે વ્યક્તિઓ વચ્ચે જ્યારે સંવાદ નથી થતો ત્યારે એ બે વ્યક્તિઓ વચ્ચે ધીમેધીમે એક અદ્રશ્ય દીવાલ ચણાતી જાય છે જે બંનેમાથી કોઈને દેખાતી નથી. સમય જતાં એ દીવાલ એટલી ઊંચી, મજબૂત અને કઠોર બની જાય છે કે પછી તેને તોડવી કે કૂદવી બંને માટે અશક્ય બની જાય છે. સ્નેહીઓ, મિત્રો, સંબંધીઓ કે એક જ ઘરમાં રહેતા કુટુંબીજનો વચ્ચે રોજ-બ-રોજ વાતચીત થવી એ એક વ્યવહાર છે જ્યારે બંને વચ્ચેની લાગણીની અભિવ્યક્તિ, એ વ્યવહારથી કઈક અલગ અને અનેરી ચીજ છે. વાતચીતનો વ્યવહાર તો બે અજાણી વ્યક્તિઓ વચ્ચે પણ થતો હોય છે પણ ત્યાં લાગણીઓ નથી હોતી. વાતચીત થાય, અને વ્યવહાર થાય, પણ જો લાગણીની અભિવ્યક્તિ ના થાય તો એ સંબંધો કદાચ સાચા અર્થમાં સંબંધો નથી કહેવાતા અને કદાચ એ સંબંધો કહેવાતા હોય તો પણ એ સંબંધો કાચા સાબિત થાય છે.

એક જ ઘરમાં રહેતી બે વ્યક્તિઓ વચ્ચે જ્યારે સંવાદ નથી થતો, બંને વચ્ચે જ્યારે સંવદિતા નથી સધાતી, બંને વચ્ચે જ્યારે લાગણીઓનું આદાન-પ્રદાન નથી થતું, ત્યારે બંને એક જ ઘરમાં સાથે રહેતાં હોવા છતાં, બંને વ્યક્તિ એકબીજાથી એકદમ અજાણ હોય એવી રીતે રહેતી હોય છે. એક જ શયન ખંડમાં, એક જ પથારીમાં સૂતાં પતિ-પત્ની વચ્ચે પણ આવું ઘણીવાર બનતું હોય છે. બંને વચ્ચે જ્યારે લાગણીઓની ખામોશી છવાયેલી હોય છે ત્યારે એવું નથી હોતું કે બંનેમાથી કોઈને ખામોશી તોડવાની ઈચ્છા નથી હોતી. ઈચ્છા તો બંનેને થતી હોય છે પણ ખામોશી તોડવા માટેનો બંને વચ્ચે યક્ષપ્રશ્ન એ હોય છે કે પહેલ કોણ કરે. પેલી બે નવાબની વાર્તા પ્રમાણે "પહલે આપ, પહલે આપ" કરતાં કરતાં ઘણીવાર નવાબની જેમ ગાડી છૂટી જતી હોય છે. આવું બને છે ત્યારે બંનેને અફસોસ થાય છે. હા, ક્યારેક બંનેમાથી કોઈ એક વ્યક્તિ પહેલ પણ કરે છે, પણ ત્યારે કમનસીબે કેટલાક બહારના પરિબળો એટલા હાવી થઈ જતાં હોય છે કે એ ખામોશી તોડવા નથી દેતાં. બંને વચ્ચે છવાયેલી ખામોશી લાંબો સમય નથી તૂટતી ત્યારે એ ખામોશી ના તોડવા માટે મજબૂર કરી ડેટા હોય છે. એ ખામોશીની પીડા બંનેને થાય છે. બંનેની પીડાની ટીશો એકબીજાને જ સાંભળતી હોય છે પણ એ જ પેલો યક્ષપ્રશ્ન કે પહેલ કોણ કરે?

લાગણીઓની અભિવ્યક્તિ સંબંધોની ધરોહર છે. તેના વિના સંબંધો કેળવવા, વિકસાવવા કે નિભાવવા શક્ય નથી. લાગણીઓની અભિવ્યક્તિ વિનાના સંબંધો કોઈ પણ વ્યક્તિ સાથે રાખવા એના કરતાં બહેતર છે કે એ સંબંધોનો કાયમી ધોરણે છેડો જ ફાડી નાખવો. પ્રત્યેક વ્યક્તિ, વત્તે-ઓછે અંશે, કોઈને કોઈ પ્રકારના સંબંધોમાં લાગણીઓની ખામોશીનો શિકાર બનેલી જ હોય છે. આપણે ક્યાં અને કેવા પ્રકારના સંબંધોમાં આવા શિકાર બન્યા છીએ એ આપણાં સિવાય બીજું કઈ જ શોધી ના શકે. સંબંધોમાં લાગણીઓની એ ખામોશી આપણે જાતે જ શોધીએ અને એ ખામોશી તોડવાની પહેલ કરીએ તો આપણી અને સંબંધિત વ્યક્તિ ની પીડા હળવી થઈ શકે. એક વખત એ ખામોશી તૂટે પછી હૃદયમાથી લાગણીઓના ઘોડાપૂર પણ વહી શકે છે જેમાં બંને વ્યક્તિ વહેવા લાગે છે અને પ્રગાઢ સંબંધોનો અનર્ગલ આનંદ માણી શકે છે.

ચાલો, આપણે સૌ આજથી જ પહેલ કરીએ!

(૧) ૨૦૧૭માં પૂર્વ સેના કમાનના પ્રમુખ પદે કોની વરણી કરવામાં આવી છે?
(એ) લેફ. જન. અજય પ્રતાપ (બી) લે.જ. અભય કૃષ્ણા
(સી) લે.જ. વિવેક ગોસ્વામી (ડી) લે.જ. સંદિપ ડાંગર

(૨) ૨૦૧૭માં 'યુરોપાબ્રેક્કી' પુલ કયા દેશમાં નિર્માણ પામ્યો છે?
(એ) કેનેડા (બી) ચીન
(સી) ઈટલી (ડી) સ્વીટ્ઝર્લેન્ડ

(૩) ૨૦૧૭માં વિશ્વ હાથી દિવસ અંતર્ગત ભારત સરકારે કયા અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે?
(એ) હાથી બચાવો અભિયાન (બી) ગજયાત્રા
(સી) ગજરાજ પૂજન (ડી) ગજ મહોત્સવ

(૪) ૨૦૧૭માં પ્રસિદ્ધ મૅડલ ઑફ ઑનર પુરસ્કારથી કોને સન્માનિત કરવામાં આવ્યા છે?
(એ) જેમ્સ મેકક્લોધન (બી) ટૉમ હાર્ડી
(સી) જેક વિલિયમ (ડી) પીટર સીમોન

(૫) ૨૦૧૭માં રાજ્યસભા ટીવી ચેનલના સીઈઓ પદેથી કોણે પોતાનું રાજીનામું આપી દીધું છે?
(એ) મનોજ ત્યાગી (બી) પ્રકાશ સિંહ
(સી) ગુરદિપસિંહ સપ્પલ (ડી) મોહન લાલા

(૬) ૨૦૧૭માં ભારતીય તટરક્ષક દળમાં કયા નવા આધુનિક જહાજનો સમાવેશ કરવામાં આવ્યો છે?
(એ) ICGS શૌર્ય (બી) ICGS સૂર્ય
(સી) ICGS મેઘ (ડી) ICGS ઈન્દ્ર

(૭) ૨૦૧૭માં વિશ્વના સૌથી વૃધ્ધ પુરુષનું ૧૧૩ વર્ષની ઉંમરે નિધન થયું છે તેમનું નામ શું છે?
(એ) રોબર્ટ વ્હીલર (બી) ચાર્લ્સ ફ્રેંકલિન
(સી) ઈઝરાયલ ક્રિસ્ટલ (ડી) મોલીન સીલીન

(૮) ૨૦૧૭માં 'ઈન્ડિયા ડે' ઉત્સવનું કયા શહેરમાં આયોજન કરવામાં આવ્યું હતું?
(એ) જોહાનિસબર્ગ (બી) લંડન
(સી) બર્લિન (ડી) બેરુત

(૯) ૨૦૧૭માં ૧૪ ઑગષ્ટના રોજ ભારતના કયા શહેરમાં ભારત-આસિયાન યુવા શિખર સંમેલનનું આયોજન કરાયું છે?
(એ) પટના (બી) ઈન્દોર
(સી) ભોપાલ (ડી) ગયા

(૧૦) ૨૦૧૭માં મૃત્યુ પામનાર શોભા સેન કલાના કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા?
(એ) ગાયન (બી) અભિનય
(સી) લેખન (ડી) વિજ્ઞાન